**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૬ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૧ ટકા

# વાવોલ ખાતે 'ફાસ્ટ ટેગ' જાગૃતિ કેમ્પ

ગાંધીનગર, તા.૧૭
ડિઝિટલ ઈન્ડિયા અંતર્ગત ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય ધોરી માર્ગો પર ટોલ ટેક્ષ ઉઘરાવતા ટોલનાકા પર લાગતી લાંબી લાઈનોના કારણે વેડફાતા માનવકલાકો તથા ઈંધણની ખપતને ધ્યાનમાં રાખીને નવી 'ફાસ્ટ ટેગ' પધ્ધતિ અમલમાં મુકી છે. 'ફાસ્ટ ટેગ' પધ્ધતિથી વાહનચાલકોને અવગત કરી ફાસ્ટ ટેગ લગાડી આપવાનો એક કાર્યક્રમ વાવોલ ખાતે યોજાયો હતો.

ગાંધીનગરની સેકટર-૨૮ ખાતેની સરકારી ઈજનેરી કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વાવોલની કીર્તિધામ સોસાયટી સામે સ્થિત ગુડા દ્વારા નિર્મિત સ્વામી વિવેકાનંદ બજાર આગળ 'ફાસ્ટ ટેગ' જાગૃતિ અને વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ઘનશ્યામસિંહ ગોલ તથા






પેટીએમ કંપનીના સહયોગથી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અહીથી પસાર થતા વાહનોમાં ચાલકોને 'ફાસ્ટ ટેગ' અંગે માહિતગાર કરી 'ફાસ્ટ ટેગ'ની ઓનલાઈન નોંધણી કરી તેને વાહનના વિન્ડસ્ક્રીન પર લગાડી આપવાની સેવા એનએસએસના સ્વયંસેવકોએ પુરી પાડી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વાવોલ તથા ગાંધીનગર વિસ્તારની ટીપી-૧૩ના વાહનધારકોને આવરી લેવામાં આવ્યા હતા.

## શિયાળાને અનુલક્ષી ટોપી, સ્કાર્ફ અને ધાબળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટના સહયોગથી સવિતાબેન પટેલ તથા ચિરાગ સોલંકી દ્વારા ગાંધીનગરના છેવાડે આવેલા થર્મલ પાવર સ્ટેશનના કામમાં શ્રમદાન કરતા શ્રમિકોને કાનટોપી તથા સ્કાર્ફ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજય સરકારના સમાજ સુરક્ષા વિભાગના ખાસ બાળકો માટેના ગૃહના અંત્યવાસી બાળકોને કડકડતી ઠંડીમાં શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી, અરૂણ બુચ તથા ધીરૂભાઈ દ્વારા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા સરસ્વતી સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૭
ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ટૂંક સમયમાં સરસ્વતી સન્માન સમારોહ યોજાનાર છે. જેમાં વિદ્યાર્થીઓને મેરીટ મુજબ સન્માન અને શુભેચ્છા અપાશે. આ ઉપરાંત સમાજમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર, સરકારી નોકરીમાં નવ નિયુકત તથા ૭૫ વર્ષના વડીલોનું પણ સન્માન કરાશે. આ સંદર્ભે વિગત સમાજના નવા કાર્યાલય એફ-૧૧૦, સુપથ કોમ્પ્લેક્ષ-૨, વાડજ બસ સ્ટેન્ડ પાસે, આશ્રમ રોડ અમદાવાદ ખાતે જમા કરાવવા સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણ દ્વારા જણાવાયું છે.

# એટલાન્ટિક પાર્કમાં મહિલાની કરપીણ હત્યા

**અગોરા મોલ પાછળ એટલાન્ટિક પાર્કના બ્લ્યુ એચ ફ્લેટનો બનાવ, ગળાના ભાગે તિક્ષ્ણ હથીયાર વાગતા મહિલા લોહીના ખાબોચીયામાં ફસડાઈ પડી, હત્યારાને શોધવા પોલીસની વિવિધ ટીમ કામે લાગી**



ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગર સુઘડ નજીક અગોરા મોલની પાછળ આવેલી એટલાન્ટિક પાર્ક ખાતે એક મહિલાની તિક્ષ્ણ હથીયારના ઘા મારી કરપીણ હત્યા નિપજાવી છે. મહિલાને ગળાના ભાગે ધારદાર હથીયાર ઘા વાગતા મહિલા ઘરના મુખ્ય દરવાજા પાસે જ લોહીના ખાબોચીયામાં ફસડાઈ પડી હતી. ઘટનાના સમયે મૃતક મહિલાની પોણા બે વર્ષની દિકરી ઘરમાં હતી, તેને હત્યારો બીજા રૂમમાં પુરીને નાસી છુટ્યો હતો. મહિલાનો પતિ સાંજે નોકરીથી પરત આવતા હત્યા થઈ હોવાની જાણ થઈ હતી. મૃતકના પતિના આક્રંદથી નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે ઘરમાં રૂમમાં પુરાયેલી બાળકીને પણ બહાર નીકાળી હતી. હત્યાની જાણ સમગ્ર વિસ્તારમાં થતા નાગરીકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. જયારે બનાવની જાણ પોલીસને થતા ઘટના સ્થળે અડાલજ પોલીસ પહોંચીને ફીંગર પ્રિન્ટ એકસપર્ટને બોલાવી આગળની કાર્યવાહી શરુ કરી છે. જો કે આ હત્યાના બનાવને પગલે એસઓજી અને એલસીબીની ટીમ પણ તપાસમાં જોડાઈને હત્યારા સુધી પહોંચવા ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અગોરા મોલની પાછળ આવેલી એટલાન્ટિક પાર્ક સોસાયટી બ્લ્યુ-એચ ફલેટ નં.૨૦૧ ખાતે રહેતા સુધીર શર્મા છેલ્લા ચાર વર્ષથી અહીં વસવાટ કરે છે. જયારે અમદાવાદ એસવીપી હોસ્પિટલ ખાતે બ્રધર્સ ઈન્ચાર્જ તરીકે સુધીર શર્મા ફરજ બજાવે છે. ગતરોજ સુધીર શર્મા સાંજના સુમારે નોકરીથી પરત ઘરે આવ્યા ત્યારે ઘરના મુખ્ય દરવાજા પાસે તેમની ૨૬ વર્ષિય પત્ની ગુંજન શર્માનો મૃતદેહ પડ્યો હતો. સુધીર શર્માના જોરદાર આક્રંદથી આસપાસના ફલેટમાંથી રહીશો દોડી આવ્યા હતા. સ્થાનિક રહીશોએ તેમની દિકરીની તપાસ કરતા તે બાજુના રૂમમાંથી મળી આવી હતી. જયારે ઘટના બપોરના સુમારે બની હતી, ત્યારબાદ મોડીસાંજે પતિ આવતા અંદાજીત ૫ થી ૬ કલાક મૃતદેહ ઘરમાં પડી રહ્યો હતો. જયારે મૃતકની નાનકડી દિકરી બાજુના રૂમમાં પુરાઈ રહી હતી, જે રડી રડીને અડધી થઈ ગઈ હતી. જયારે બનાવની જાણ અડાલજ પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોચીને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

### એટલાન્ટિક પાર્કમાં સીસીટીવી કેમેરા જ નથી

એટલાન્ટિક પાર્કમાં હત્યાના બનાવને પગલે પોલીસે સીસીટીવી ફુટેજ મેળવવા પ્રયાસ હાથ ધર્યો હતો. પરંતુ સોસાયટીમાં સીસીટીવી કેમેરા જ નથી, અને જે છે તે છેલ્લા કેટલાય સમયથી બંધ હોવાનું જણાયું હતું. જયારે વાહન લઈને આવન-જાવન માટે મુખ્ય માર્ગનો ઉપયોગ થાય છે. જયારે પાછળના ગેટથી ચાલતા પણ એટલાન્ટિક પાર્કમાં આવી શકાય છે.

### બાળકીનો રડવાનો અવાજ સાંભળીને પાડોશીઓ ગયા હતા

મળતી માહિતી મુજબ સોમવારના બપોરના સુમારે ફલેટ નીચે કેટલાક પાડોશીઓ ઠંડીને કારણે ગરમીમાં બેઠા હતા. તે સમયે અચાનક બાળકીના રડવાનો અવાજ સાંભળીને કેટલાક પાડોશીઓ ગયા હતા. ત્યારે સૌથી પહેલા ગયેલા મહિલાએ દરવાજાને ધક્કો મારતા સામેથી ધક્કો આવ્યો હતો અને દરવાજો અંદરથી બંધ થઈ ગયો હતો. મહિલાઓએ મૃતકના નામની બુમો પાડી હતી પરંતુ કોઈ જવાબ ન આવતા તેઓ પરત ફર્યા હતા.

# સ્વ. રફીની ૯૫મી જન્મજયંતિએ ભવ્ય સ્વરાંજલિ...!!

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગર શહેર હવે કલા-સંગીત-સાહિત્ય જેવી વિવિધ પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમતું શહેર બની જવા પામ્યું છે. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં કરાઓકે ટ્રેક આધારિત સંગીત વિષયક કાર્યક્રમોની સંખ્યામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. શહેરમાં કરાઓકે સંગીતના માધ્યમથી શહેરના તથા આસપાસના વિસ્તારના અનુભવી-બિનઅનુભવી સૌથી વધુ ગાયક કલાકારોને મંચ પુરું પાડવાનું કાર્ય કરનાર ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારના શ્રી મનોરંજન મ્યુઝિક સ્ટુડિયો હિન્દી ફિલ્મી જગતના સુપ્રસિધ્ધ પાર્શ્વગાયક સ્વ. મોહમ્મદ રફીની ૯૫મી જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪મી ડિસેમ્બર મંગળવારે રાત્રે ૯ કલાકે સે-૧૭ના ટાઉનહોલ ખાતે જાણીતા ગાયક બંકિમ પાઠકના લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

હિન્દી ફિલ્મી જગતમાં પાર્શ્વગાયક મોહમ્મદ રફી ખૂબ જ આદરભર્યું નામ ગણાય છે અને રફી સાહેબની યાદમાં છેલ્લા એક માસથી શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ દ્વારા કારઓકે ટ્રેક આધારિત 'સંગીત સ્પર્ધા ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો અંતિમ ફાઈનલ રાઉન્ડ ગત તા. ૧૫મી ડિસેમ્બર રવિવારે સાંજે યોજાઈ ગયો. આ ફાઈનલ રાઉન્ડના આધારે કુલ ૧૧ ગાયકોને નિર્ણાયકો દ્વારા તા. ૨૪મી ડિસેમ્બરના કાર્યક્રમમાં વિજેતા જાહેર કરાશે અને તેમને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે વોઈસ ઓફ મોહમ્મદ રફી તરીકે ઓળખાતા અમદાવાદના જાણીતા બંકિમ પાઠકના હસ્તે વિજેતાઓને ટ્રોફી એનાયત કરાશે તથા તેમનો લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ પ્રસ્તુત કરાશે. કાર્યક્રમ દરમિયાન અનેકવિધ આશ્ચર્યજનક નવીનતમ પ્રયોગો દ્વારા શ્રોતાઓને અચંબિત કરાશે. સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના સંગીતરસિક શ્રોતાઓને વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે તેવું શ્રી મનોરંજન સ્ટુડિયોના સંચાલક અજિતસિંહ પરમારે જણાવતા જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

## આજે ગાંધીનગરમાં

● સે-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરૂમા સમાનંદ સરસ્વતીજીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત કથા અંતર્ગત સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૫ દરમિયાન કૂર્માવતાર, વામન અવતાર તથા શ્રીરામ જન્મ ઉજવાશે.

● મગોડી બહુચર મંદિર ખાતે ભારતીબાપુની વ્યાસપીઠે શિવકથા અંતર્ગત બપોરે ૨ થી ૫.૩૦ નવદુર્ગા માતાજી પ્રાગટય મહોત્સવ યોજાશે.

## સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુજરાતી ભાષાકૌશલ કાર્યશાળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭
ગાંધીનગરના માતૃભાષાપ્રેમી વિદ્યાર્થીઓ અને સાધકો માટે સેકટર-૨૮ની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સહયોગથી ૧૯-૧૨-૧૯થી ૨૭-૧૨-૧૯ સુધી ગુજરાતી ''ભાષાકૌશલ કાર્યશાળા''નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ અને અન્ય ભાષાવિદો ઉમાકાંતભાઈ રાજયગુરૂ, કલ્પેશભાઈ પટેલ, જેઠાભાઈ પટેલ વગેરે ગુજરાતી વ્યવહાર, ભાષાલેખનના અગત્યના મુદ્દાઓ જેવા કે મૂળાક્ષરો, જોડાક્ષરો, શબ્દરચના, વાકયરચના, વિરામચિહ્નો, અનુસ્વાર, જોડણી વગેરે સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી લેખનકાર્ય કરાવશે. આ શિબિરમાં નિયમિતપણે ઉપસ્થિત રહેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

કાર્યશાળામાં રસ ધરાવતા સૌ માતૃભાષાપ્રેમી વિદ્યાર્થીઓ અને સાધકોને સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સે. ૨૮ ગાંધીનગર ખાતે તા. ૧૯-૧૨-૧૯ને ગુરૂવારે સવારે ૧૦.૧૫ કલાકે રૂમ નં. ૨૦૭ ખાતે ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવાયું છે.



નાતાલ નજીકમાં છે. વાતાવરણમાં પણ ઠંડીની અસર વધી રહી છે. બાળકોને પ્રિય એવા સાન્તાકલોઝ હવે ઠેર ઠેર જોવા મળશે. આકરી ઠંડીમાં પણ બાળકો સાન્તાકલોઝ સાથે ડાન્સ કરવા, તેમની પાસેથી નાની મોટી ગીફટ મેળવવા આતુર જણાશે. સાન્તાકલોઝના માસ્ક માર્ગો પર ઠેર ઠેર વેચાતા જોવા મળી રહ્યા છે. જે નાતાલના આગમનની એંધાણી આપી રહ્યા છે.



આગામી જાન્યુઆરી માસના પ્રારંભે તા. ૩ થી ૫ જાન્યુઆરી દરમિયાન બ્રાહ્મણ બિઝનેસ સમિટ યોજાવા જઈ રહી છે જે અંતર્ગત ધર્મસભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ બિઝનેસ સમિટ અને ધર્મસભા માટે વૈષ્ણવ સંપ્રદાયના ષષ્ઠપીઠાધિશ્વર પૂ. ગોસ્વામી દ્વારકેશલાલજી મહારાજને સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદી તથા યુવા મંત્રી દિવ્ય ત્રિવેદી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

## ઈસનપુર મોટા એમ.બી. પટેલ હોસ્પિટલ ખાતે દર્દીઓને આરોગ્યલક્ષી યોજનાનો લાભ મળશે

ગાંધીનગર, તા. ૧૭
કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજય સરકારની 'આયુષ્યમાન ભારત' અને મા અમૃતમ યોજના અનેક ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદરૂપ છે. આ યોજનાઓ ગત ૧ ડિસેમ્બરથી ઈસનપુર મોટા ગામે એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલમાં કાર્યરત થઈ છે. સંસ્થા તરફથી આ યોજનાના લાભાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે અને 'ગોલ્ડન કાર્ડ' પણ સંસ્થા દ્વારા બનાવીને આપી શકાય તથા કઈ કઈ આરોગ્ય સેવાઓમાં આ યોજનાનો લાભ લાભાર્થીને મળી શકે તે માટે અલાયદી અને દર્દીઓને તમામ માહિતી અને સગવડ મળી રહે તે માટે નવી કચેરી બનાવવામાં આવી છે. આ કચેરીનો શુભારંભ હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ હેતલભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યો હતો.

આ ગામમાંથી રમેશભાઈ પટેલ, રામચંદ્રભાઈ પટેલ તથા સ્ટાફના સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગાયનેકની સેવાઓ સ્ત્રીરોગોના ઓપરેશનોને પણ નિયમોને આધીન મહિલા લાભાર્થીઓને આ યોજનાનો હવેથી લાભ મળશે. આંખના ઓપરેશનો સિવાય જનરલ સર્જરી-ગાયનેક-યુરોસર્જરી-ગેસ્ટ્રો સર્જરી-ઓર્થોપેડીક સર્જરી વિગેરેના લાભાર્થીઓએ હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવાયુ છે. પ્રાંતિજ, તલોદ, દહેગામ, કપડવંજ, કઠલાલ, ગાંધીનગર, દસક્રોઈસીટી વિગેરે તાલુકાઓમાંથી અને કોઈપણ જિલ્લાના લાભાર્થીઓને આ હોસ્પિટલમાં આ યોજનાઓનો લાભ નિયમોને આધિન મળશે તેમ પણ લાભાર્થીઓને જણાવ્યુ છે.

## કચ્છ મિત્ર મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૭
કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ૧૫ ડિસેમ્બરના રોજ સે-૨૩ સ્થિત ખીમજી વિશ્રામ હોલ ખાતે યોજાયો હતો. જેમાં ભાઈઓ-બહેનો તથા બાળકો દ્વારા ગરબા, એકપાત્રિય અભિનય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ભાગ લેનાર કલાકારોને એલ.ટી.બોરા પરિવાર તરફથી પ્રોત્સાહન ભેટ આપવામાં આવી હતી. મહેતા પરિવાર તરફથી ડૉ. જે.બી. પટેલને કચ્છીયત ઓફ ધી યર ગાંધીનગરનો સન્માનીય એવોર્ડ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન વિષ્ણુભાઈ ગોર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં રાજગોર સમાજના ભાઈઓ, બહેનો, દાતાઓ, વર્ષાબેન મહેતા, મનિષાબેન ત્રિપાઠી, વૈશાલીબેન આચાર્ય, પ્રજ્ઞાબેન જોષી, વનરાજભાઈ વનરા, માવજીભાઈ રંગાણી, ધિમંતભાઈ ભટ્ટ, પાર્થ દિપક તજ્ઞા તથા સભ્યોનો સંપૂર્ણ ફાળો રહ્યો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૨૦.૪૫
**મર્દાની-૨**
૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૫૦, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૩૦
**પાનીપત** - ૧૨.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૪૦
**કમાન્ડો ૩** - ૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૩૦, ૧૨.૦૫, ૨.૪૫, ૫.૨૫, ૮.૦૫, ૨૦.૪૫
(અંગ્રેજી) ૧૦.૩૦, ૯.૩૦
**મર્દાની-૨**
૧૦.૨૫, ૧૨.૪૫, ૩.૦૫, ૮.૧૫, ૧૦.૩૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૫૦, ૧.૩૫, ૪.૨૦, ૧૦.૧૫
**પાનીપત**
૯.૫૦, ૩.૫૫, ૧૦.૦૫
**કમાન્ડો-૩** - ૧.૧૦
**હેલ્લારો (ગુજરાતી)**
૩.૫૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧૨.૩૫, ૨.૫૫, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
(અંગ્રેજી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૨.૧૫, ૪.૫૫, ૭.૩૫, ૯.૧૫, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૧૨.૩૫, ૩.૪૦, ૬.૩૦, ૯.૫૫
**પાનીપત** - ૧૨.૧૦, ૬.૨૫
**કમાન્ડો-૩** - ૪.૦૫

**સિટી પલ્સ, કુડાસણ**
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(હિન્દી) ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૦૦
(અંગ્રેજી) ૨.૪૫, ૭.૪૫
**મર્દાની-૨**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
**પાનિપત**
૧૨.૪૫, ૬.૩૦
**પતિ, પત્નિ ઔર વો**
૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
**ચાલ જીવી લઈએ** - ૧૧.૪૫
**હેલ્લારો (ગુજરાતી)** - ૭.૩૦

## ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ડભોડા ભિક્ષુક ગૃહની બહેનોને સહાય

ગાંધીનગર, તા.૧૭
ઘણા વર્ષોથી સેવા અર્થે કાર્યરત ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરના ડભોડા ગામ સ્થિત ભિક્ષુકગૃહની બહેનોને સહાય પહોંચાડવામાં આવી હતી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ડભોડા ગામ સ્થિત ભિક્ષુક ગૃહની બહેનોને જરુરી આરોગ્યલક્ષી સાધનો જેવા કે બ્લડપ્રેશર માપવાનું મશીન, વજન માપવાનો કાંટો, ડાયાબિટીસ માપવાના અદ્યતન સાધનો, ડીજીટલ થર્મોમીટર, રજીસ્ટર અને હેન્ડગ્લોઝ સહિત દવાની ટ્રે સાથે કુલ ૧૨ વસ્તુ સંસ્થાના આગેવાનો દ્વારા રૂબરૂ પહોંચાડવામાં આવી હતી. જેમાં સંસ્થાના આગેવાનો અરૂણ બુચ, શશીકાંત મોઢા તથા આર.જે. ધામેચાનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

## ચિરવિદાય

● સ્વ. જવરીબેન લાલાજી ઠાકોર, ઉ.વ. ૬૫
● સ્વ. ઓડ ગલાબભાઈ જયમલભાઈ, ઉ.વ. ૭૦
● સ્વ. ઉજમબેન લક્ષ્મણભાઈ ઠાકોર, ઉ.વ. ૬૯
● સ્વ. જયેશભાઈ જેસંગજી ઠાકોર, ઉ.વ. ૪૫
● સ્વ. ગરીબભાઈ વિરચંદભાઈ દંતાણી, ઉ.વ. ૭૦